જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૮/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૫૬/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૬	૦	૧૧૬૩૬	૧૭૭૪૭	૦	૧૭૭૪૭
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૬	૧	૧૦૭	૩૬૭	૭	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૭૫૨૯	૮૮	૬૭૬૧૭	૬૮૩૦૮	૮૯	૬૮૩૯૭
કુલ		૮૪૦૦3	૮૯	૮૪૦૯૨	૯૨૬૯૦	૯૬	૯૨૭૮૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૪	૩,૦૮,૭૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૧૫	૧૦,૧૫,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે કુલદિપ લક્ષ્મણસિંહ જાતે જાટવ ઉ.વ.૨૧ રહે.ઓમપ્રકાશની લાઈન, હનુમાનનગર, ભાર્ગવ રોડ, મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૪૮૮/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો ગુનો નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૭૦/૨૦૨૧ તા.૧૦/૦૮/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૧૦/૦૮/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૧૦/૦૮/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૨) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૫૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૨ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૦ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦,૫૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૫૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિ અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૪૫૯/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ રિતેષ સ/ઓ દિનેશભાઇ શ્રીમાળી (ઉ.વ.૩૬) (રહે.કૌશલમ રેસીડેન્સી પોપ્યુલર પેરેડાઇઝની બાજુમા ગોતા) એ તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રિતેષ શ્રીમાળીએ નોકરી માટે સાઇન ડોટ કોમમા ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવેલ હતુ. તા.૦૪/૦૮/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૭૫૭૯૬૨૫૮૨૯ ધારકે રિતેષ શ્રીમાળીના મોબાઈલ પર ફોન કરી સાઇન ડોટ કોમમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી જણાવેલ કે તમારૂ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરેલ છે તેમા તમને નોકરી મળેલ ના હોય તો તમને કંપની તરફથી બે હપ્તામાં તમારૂ પેમેન્ટ રિફંડ કરવામા આવશે તેમ જણાવી એક વેબસાઇડ પર ફોર્મ ભરવાનુ જણાવી વિશ્વાસમા લઇ SHINE SERVICES.INFO નામની વેબસાઇટ મોકલી જેમાં નામ, એડ્રેસ, મોબાઇલ નંબરનુ ફોર્મ ભરી આગળ પ્રેસેસ કરાવી હતી. તેમજ રીફન્ડ માટે ૧૦ રૂપિયાનુ ટ્રાન્ઝેક્શન કરાવી આગળની પ્રોસેસમાં ટ્રાન્જેકશન ક્રેડીટ કાર્ડ તેમજ ડેબીટ કાર્ડ તથા નેટ બેકીંગથી કરવાનુ આવતા રિતેષ શ્રીમાળીએ નેટ બેન્કીગ દ્વારા પ્રોસેસ કરતા ૧૦ રૂપિયાનુ ટ્રાન્જેકશન ફેઇલ થઈ ગયેલ અને થોડીવારમા જ રિતેષ શ્રીમાળીના ક્રેડીટ કાર્ડ માંથી રૂપિયા ૯૮,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્જેકશન કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ ઉદયકુમાર જયંતિલાલ શાહ (ઉ.વ.૫૬)(રહે. ભાષ્કર એપાર્ટમેન્ટ, મીરામ્બીકા સ્કુલ રોડ નારણપુરા) એ તા.૦૨/૦૪/૨૦૨૧ નારોજ સાયબર ક્રાઇમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૪/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૭૭૬૭૭૫૯૦૨ ના ધારકે ઉદયકુમાર શાહના મોબાઈલ પર ફોન કરી આર.બી.એલ.બેંકમાંથી બોલતા હોવાની ઓળખ આપી આર.બી.એલ. બેંકના ક્રેડીટકાર્ડમાં ઇન્શ્યોરન્સ વેરીફિકેશન કરાવવા માટે ઉદયકુમાર શાહ પાસેથી ઓટીપી નંબર મેળવી લઇ ઉદયકુમાર શાહના આર.બી.એલ ક્રેડીટકાર્ડમાંથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧,૪૨,૭૨૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરી મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઈ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૪૬૦/૨૦૨૧**

ચાંદખેડાઃ મંજુલાબહેન ભોજરાજ કુલવાણી (ઉ.વ.૭૦) (રહે. શિવમૈત્રીક ગ્રીન કેના બંગ્લોઝ સામે મોટેરા સ્ટેડીયમ રોડ મોટેરા) તા.૦૭/૦૮/૨૦૨૧ સાજના ૭/૧૫ વાગ્યાના સુમારે ચાંદખેડા મોટેરા શ્રીજી ડેરી આગળ સ્વાગત રેસીડન્સી સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં બે છોકરી જેવી મહીલાઓએ મંજુલાબહેનને પહેરેલ દાગીના કોઈ લઈ જશે તેમ કહી મંજુલાબહેન કુલવાણીએ પહેરેલ સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૮૦,૦૦૦/-, સોનાની વિંટી કિમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- કઢાવી રૂમાલમાં બાંધી થેલીમાં મુકાવી થેલી નીચે પાડી બીજી થેલી આપી નજર ચુકવી દાગીના ચોરી કરી લઈ જતી રહી હતી. આ અંગેની ફરીયાદ મંજુલાબહેન કુલવાણીએ તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

ઘાટલોડીયાઃ દિવ્યા વા/ઓ જૈનીલ સોની (રહે. અલ્કાપુરી રો-હાઉસ ઓમ હોસ્પીટલ સામે કર્મચારીનગર ચાર રસ્તા પાસે ઘાટલોડીયા) એ તા.૧૦/૦૮/૨૦૨૧ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે અલ્કાપુરી રો-હાઉસ ખાતે "નેહલભાઇ દેવીકા જવેલર્સ" નામની દુકાનમાં સોનાની ખરીદી કરવાના બહાને આપેલ સ્ત્રી-પુરૂષ સોનાની ચેઈન બતાવવાનુ કહી વાતોમાં વ્યસ્ત રાખી નજર ચુકવી દુકાનમાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.માલકીયા ચલાવે છે.

સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૪૬૧/૨૦૨૧**

નારણપુરાઃ ભૃગુરાજ પ્રવિણચંદ્ર ત્રિવેદી (ઉ.વ.૩૫) (રહે. રાધે ૧૧૧ એપાર્ટમેન્ટ પુર્ણમ રેસીડેન્સી સામે કુડાસણ ગાંધીનગર) તા.૧૦/૦૮/૨૦૨૧ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે નારણપુરા સરદાર પટેલ કોલોની નજીકથી પોતાની માતા સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ ભૃગુરાજ ત્રિવેદીના માતાના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ભૃગુરાજ ત્રિવેદીએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી